ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




... મુકો હથોડા... દબાણ ઝૂંબેશ એટલે... પાકા દબાણો નહીં... લો આ કાતર... આનાથી, ઝૂંપડાના કંતાન ફાડી આવો...

# ચિલોડા પંથકમાં વધુ બે દુકાનોમાં તસ્કરોના હાથફેરા

## આશીર્વાદ સબમર્શીબલ પંપમાંથી દોઢ લાખનો તાંબાના વાયરનો ભંગાર તથા ગ્રીનલાઈન ઓટો પાર્ટસમાંથી ૨૫ હજાર રોકડા અને સ્પેર પાર્ટસની ચોરી : ચોરીમાં ટાબરીયાનો પણ ઉપયોગ થયો







ગાંધીનગર, તા. ૧૨

એક મહિનાથી ચિલોડા પંથકના રહેવાસી તસ્કરોના ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. મહિનામાં એક પછી એક આઠ જેટલી ઘરફોડ ચોરીઓ આ વિસ્તારમાં થવા પામી છે. એક તરફ પોલીસ પરેડમાં વ્યસ્ત છે તો બીજી તરફ હોમગાર્ડ જવાનોને પણ છુટ્ટી આપી દેવામાં આવતા માલ-મિલ્કતની સલામતી સામે મોટો પ્રશ્ન ઉદ્ભવ્યો છે. ચિલોડા-હિંમતનગર રોડ પર શિહોલી ગામની સીમમાં બે દુકાનોને ટાર્ગેટ બનાવી લાખોની મત્તાની ચોરી થતા ચિલોડા પોલીસમથકમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ચિલોડા-હિંમતનગર હાઈવે પર શિહોલીની સિમમાં સ્થિત આશીર્વાદ સમબમર્શીબલ પંપની ઓફીસની બારીનો કાચ તોડીને અંદર કોઈ ટાબરીયાને ઉતારી ઘરફોડ કરવામાં આવી હતી. રાત્રી દરમ્યાન આ જેસીંગભાઈ ચૌધરીની જગ્યાએ થયેલી ચોરી પ્રકરણમાં ટાબરીયાના ફૂટ પ્રીન્ટ મળે છે. ૪૦૦ કીલો તાંબાના નાયરનો ભંગારની ચોરી કરી આશરે દોઢ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતા. તો બીજી તરફ ત્યાંથી થોડે દૂર સ્થિત ગ્રીન લાઈન ઓટો પાર્ટસની દુકાનની બારીની ગ્રીલ તોડીને તસ્કરો અંદરથી રૂ. ૨૪,૭૭૫ રોકડા તથા ઓટો પાર્ટસનો સામાન ચોરી કરી ચોરો રફુચક્કર થઈ ગયા હતા. પાર્ટસનો સામાન કેટલો ચોરાયો તેની ગણતરી હજુ ચાલી રહી છે. ચિલોડા પોલીસે બંને ગુના નોંધી ડૉગ સ્કવોર્ડ અને ફિંગર પ્રીન્ટ નિષ્ણાંતની મદદ લઈ તસ્કરો સુધી પહોંચવા પીએસઆઈ શેફાલી મકવાણાએ વૈજ્ઞાનિક ઢબે તપાસ આરંભી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે તીવ્ર ઠંડીને કારણે લોકોએ ઘરમાં જ રહેવાનું વધુ પસંદ કર્યું હતુ.

● શિયાળાના વસાણાના ભાવ ઉંચા હોવાથી તેનુ બજાર હજુ જામ્યુ નથી પરંતુ તલના કચરિયાની માંગ વધવા પામી છે.

● ગાંધીનગરમાં જિસ્વાનનું નેટવર્ક વારંવાર ખોરવાઈ જતાં સરકારી કચેરીઓમાં કર્મચારીઓની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે.

● જિલ્લામાં રવિ સીઝનની વાવણીમાં વેગ આવ્યો છે.

● આજે ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સેંટ ઝેવિયર્સમાં શાળાનો રમતોત્સવ યોજાયો હતો.

## કલોલ નગરપાલિકાના પ્રમુખપદે આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા.૧૨

આજ રોજ તા. ૧૨-૧૨-૨૦૧૫ને શનિવારના રોજ શ્રી કમલમ, સેકટર-૨૧ ખાતે મળેલ બેઠકમાં કલોલ નગરપાલિકાના પ્રમુખ તરીકે શ્રી આનંદીબેન અમૃતલાલ પટેલ અને ઉપપ્રમુખ તરીકે શ્રી વાઘેલા શૈલેન્દ્રસિંહ વિજયસિંહ તેમજ પક્ષના નેતા તરીકે શ્રી ધ્રુવ જીતેન્દ્રભાઈ પટેલ અને દંડક તરીકે શ્રી લવ દિલિપભાઈ બારોટની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

# ગુજરાતમાં ૫૦થી પણ વધુ જાપાની કંપનીઓ કાર્યરત

અમદાવાદ,તા. ૧૨

જાપાનના વડાપ્રધાન સિન્જો અબે ભારતની મુલાકાતે પહોંચ્યા છે. આજે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે હૈદરાબાદ હાઉસમાં શિખર બેઠક દરમિયાન વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવ્યા બાદ ઘણી સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરાયા હતા.

અમદાવાદમાં જાપાની કંપનીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ અંગેની કબૂલાત પણ કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં જાપાન કન્ટ્રી પાર્ટનર તરીકે અગાઉ રહી ચુક્યું છે. ગુજરાતમાં જાપાનની ઘણી કંપનીઓ સક્રિય થયેલી છે. અમદાવાદથી ૭૫ કિલોમીટરના અંતરે સ્થિત માંડલ તાલુકાનું વિઠલાપુર જાપાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બન્યું છે. ગુજરાતમાં ૫૦ કરતાં વધુ જાપાનીઝ કંપનીઓ છે. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં જાપાનીઝ કંપનીઓની સંખ્યા વધી છે. જાપાન એક્સ્ટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશને દિલ્હી, મુંબઈ પછી ગુજરાતમાં સેટ અપ કર્યું છે. ગયા સોમવારે ગુજરાતમાં પ્રથમ જાપાનીઝ બેન્ક ઓપરેશન્સ સેટઅપ કર્યુ છે.

અમદાવાદમાં ૭૦ જેટલા જાપાનીઝ નાગરિકો વસે છે. તેમનું જાપાનીઝ કલ્ચર ફોરમ નામનું એસોસિએશન પણ છે. જાપાનીઝ કલ્ચર ફોરમ હવે દર બે વર્ષના બદલે દર વર્ષે મળશે. આગામી ફેબ્રુઆરીમાં અમદાવાદમાં આ કાર્યક્રમ યોજાશે. જાપાનીઝ વડાપ્રધાનના પ્રવાસથી ગુજરાતને સૌથી મોટો લાભ બુલેટ ટ્રેનનો થવાનો છે. જાપાન ભારતમાં લાર્જેસ્ટ ફન્ડિંગ પાર્ટનર છે. ભારતને સૌથી મોટું ફંડ જાપાને ઓપ્યું છે. ભારત અને જાપાન વચ્ચેની મિત્રતા પારસ્પરિક વિશ્વાસ ઉપર આધારિત રહી છે.

# શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો ચલાવતા સરકારી કર્મચારીઓનો રાફડો

ગાંધીનગર, તા. ૧૧

શિયાળાની ગુલાબી ખુશનુમા મોસમ સાથે જ હાલ ગાંધીનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તૈયારીઓની મોસમ પણ ખીલી ઉઠી છે. ત્યારે સ્પર્ધાત્મક પરીક્ષાના હબ ગણાતા ગાંધીનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષા ક્લાસીસ ચલાવતા સરકારી કર્મચારીઓનો જોરદાર રાફડો ફાટી નીકળ્યો છે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ વર્ગો ચલાવતા અધિકારી-કર્મચારીઓ ખુલ્લેઆમ બેવડી કમાણી કરી રહ્યા છે. તો આવા કર્મચારી અધિકારીઓ સામે વહીવટતંત્રના સંબંધિત વિભાગ દ્વારા સત્વરે કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

ગાંધીનગર શહેર રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું હબ માનવામાં આવે છે. ગાંધીનગરમાં ૭૦ થી વધારે નાના મોટા સ્પર્ધાત્મક પરીક્ષાના ક્લાસીસ ચાલી રહ્યા છે. જેમાં ૨૦ જેટલા તાલીમ માટેના ક્લાસીસ એ ક્યાંક ને ક્યાંક સરકારી કચેરીમાં અધિકારી કર્મચારી તરીકે કામ કરતા કર્મચારીઓ ખુલ્લેઆમ ચલાવી રહ્યા છે. આ સ્પર્ધાત્મક પરીક્ષાના ક્લાસીસ ચલાવતા કર્મચારીઓ સરકારમાંથી અને ક્લાસીસમાંથી વિદ્યાર્થીઓ પાસેથી એમ બેવડી કમાણી કરી રહ્યા છે. બીજી તરફ આવા કર્મચારીઓ ન તો ઓફિસ અને ન તો ક્લાસીસમાં યોગ્ય ન્યાય આપી શકે છે અને માસુમ બાળકોની જીંદગી સાથે ચેડા કરી રહ્યા છે.

**આવા સરકારી કર્મચારીઓ લાખો રૂપિયાની બેવડી કમાણી કરી રહ્યા છે, તો આવા કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે**

આમ સરકારમાં નોકરી કરતા કેટલાક ડીવાયએસઓ, તલાટી, નાયબ મામલતદાર વગેરે ગાંધીનગરના વિવિધ સેક્ટરો જેવા કે સેક્ટર-૩, સેક્ટર-૭, સેક્ટર-૫, સેક્ટર-૨, સેક્ટર-૨૪માં કોમ્પ્લેક્ષો કે પોતાના ઘરોમાં સ્પર્ધાત્મક પરીક્ષાના ક્લાસીસો ચલાવી રહ્યા છે. ત્યારે આવા કર્મચારીઓ સામે સરકારી સંબંધિત વિભાગીય કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરી કડક પગલા લેવામાં આવે તે જરૂરી છે.

# ધોરણ-૧ અને આંગણવાડીથી અંગ્રેજી ભણાવવા પર મંત્રણા

અમદાવાદ,તા. ૧૨

ગુજરાત સરકાર એક વિષય તરીકે પહેલા ધોરણથી અંગ્રેજીને રજૂ કરવાની વિચારણા ધરાવે છે. ટૂંક સમયમાં જ આ સંદર્ભમાં નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પહેલા ધોરણથી અને સુપ્રત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલમાં અંગ્રેજી વિષયને ધોરણ ૩માં બાળકો માટે રજૂ કરવામાં આવે છે. આશરે ૩૮૦૦૦ સરકારી સ્કૂલોમાં ત્રીજા ધોરણથી અંગ્રેજીની શરૂઆત બાળકો માટે કરવામાં આવે છે. માતા-પિતા,

## ગુજરાત સરકાર અંગ્રેજીને વધુ મહત્વ આપવા માટે સંપૂર્ણ તૈયાર : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે વ્યાપક ચર્ચા વિચારણા

આંગણવાડીથી અંગ્રેજી ભણાવવાની શરૂઆત કરવામાં આવે તેવી ઈચ્છા રાજ્ય સરકાર ધરાવે છે. રાજ્યવ્યાપી ચર્ચામાં આ દરખાસ્તને સમર્થન મળ્યું હોવાનું જાણવા મળ્યું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે યોજાયેલી રાજ્યવ્યાપી ચર્ચામાં આને સમર્થન મળ્યું હતું. અંતિમ દસ્તાવેજ આ સંદર્ભમાં કેન્દ્રીય ગૃહમંત્રાલયને વિદ્યાર્થીઓ, નિષ્ણાતો શિક્ષકો તરફથી સારા ફિડબેક મળી રહ્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને લઈને ચર્ચા વિચારણા ચાલી રહી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં અંગ્રેજીના શિક્ષણ ઉપર વધારે ભાર મુકવામાં આવી રહ્યો છે. રાજ્યના શિક્ષણપ્રધાન નાનુ વાનાણીનું કહેવું

● અનુસંધાન પાના ૭ પર



## ડો. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ

શ્રી રાજ ક્રેડિટ સોસાયટી (સૂચિત) દ્વારા તા. ૬ઠ્ઠી ડિસેમ્બર બંધારણ દિવસે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૫૯મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સોસાયટીના સભ્યોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાસુમન અર્પણ કરી તેમના કાર્યોને બિરદાવ્યા હતા.

# સંરક્ષિત જંગલ અરણ્ય પાર્કના વિસ્તારમાં ખુલ્લેઆમ રેતી ચોરી

## સંત સરોવર તુટ્યા બાદ અરણ્ય પાર્કના કપાત ભાગમાંથી રેતી ચોરી થતા પ્રકૃતિપ્રેમીઓમાં આક્રોશ : વનતંત્રના કેટલાક અધિકારીઓની પણ મીલીભગત હોવાનો ગણગણાટ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના એકમાત્ર સંરક્ષિત જંગલ વિસ્તાર અરણ્ય પાર્કમાં ખુલ્લેઆમ રેતીચોરી થતી હોવાનું ધ્યાને આવ્યું છે. સાબરમતી નદીના પૂર્વ કાંઠે સ્થિત અરણ્ય પાર્ક પ્રોટેક્ટેડ ફોરેસ્ટ છે. જ્યારે દાયકા પૂર્વે સંત સરોવર તુટતા અરણ્યપાર્કને ફેન્સીંગ કરી દેવામાં આવી હતી. આ દરમિયાન ધોવાણવાળો ભાગ ફેન્સીંગની કપાતમાં થતા આ ઠેકાણે છેલ્લા ઘણા સમયથી રેતી ચોરીની ગેરકાયદેસર વૃત્તિ-પ્રવૃત્તિને વેગ મળ્યો છે. વનવિભાગના કેટલાક અધિકારીઓ પણ આ કાંડમાં સંડોવાયેલા હોવાનો ગણગણાટ પ્રવર્ત્યો છે.

સાબરમતી નદીના પૂર્વ કાંઠે સ્થિત જિલ્લાનુ એકમાત્ર સંરક્ષિત જંગલ વિસ્તારમાં રેતી ચોરીનું દૂષણ ફૂલ્યુફાલ્યુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. અંદાજિત એક દાયકા પૂર્વે આ વિસ્તારમાં સંતસરોવર તુટતા આ દરમિયાન અરણ્યપાર્કના બહારી હીસ્સાનું પણ ધોવાણ થયું હોવાનું સ્પષ્ટ થયું હતું. ત્યારબાદ વન વિભાગ દ્વારા અરણ્યપાર્કને ફરતે ફેન્સીંગ કરવામાં આવી હતી. ફેન્સીંગ અંદરની બાજુમાં થતા અરણ્યપાર્કના ધોવાણ થયેલા બહારી હિસ્સો જાણે છુટો પડી ગયો હોય તેવુ ચિત્ર ઉપસી આવ્યું હતું. બીજીતરફ આ ઠેકાણે છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં ખુલ્લેઆમ રેતી ચોરી થતી હોવાનો આક્રોશ પ્રવૃત્તિપ્રેમીઓમાં ઉઠવા પામ્યો છે. રેતીચોરીના કાંડમાં વનતંત્રના કેટલાક અધિકારીઓની પણ મીલીભગત હોવાનું મનાઈ રહ્યું છે. અરણ્યપાર્કમાં મજૂરોના નામે પણ અન્યને ચુકવણા થતાં હોવાની ચર્ચા આસપાસના ગ્રામજનોમાં ઉઠવા પામી છે. પ્રોટેક્ટેડ ફોરેસ્ટ વિસ્તારનું ગાંધીનગરમાં જ સંરક્ષણ ન થતુ હોવાનો આક્રોશ સાથે રાજ્યના અન્ય સંરક્ષિત જંગલ વિસ્તારની શું હાલત થતી હશે તેની સામે પણ સવાલો મંડરાયા છે.

## ગુજરાત સ્ટેટ સીડસ પ્રોડયુસર્સ એસોસીએશનની ચિંતન બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય સીડસ પ્રોડયુસર્સ એસોસીએશન દ્વારા આગામી તા. ૨૨ ડિસેમ્બરને મંગળવારના રોજ ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિંતન બેઠકમાં ખેતીને નુકશાન કરતા અને ખેડૂતોના પ્રાણ પ્રશ્ન સમા ભૂંડ-રોઝ અને અન્ય જંગલી જાનવરોને નિયંત્રણ કરવા અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવશે.

આ બેઠકમાં કૃષિ યુનિ.ના અધિકારીઓ તેમજ ભારતીય કિસાન સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. એસોસીએશનના પ્રમુખ એન.પી. પટલે કૃષિ વિભાગ, વન ખાતુ અને પશુપાલન નિયામક અધિકારીઓને હાજર રહેવા અનુરોધ કર્યો છે.

# મિથુન ઉલ્કા વર્ષાનો આજે નજારો જોવા મળશે

ભુજ, તા.૧૨

દર વર્ષની જેમ આ વખતે પણ મિથુન રાશીની ઉલ્કા વર્ષાનો સુંદર નઝારો જોવા મળશે. આ બાબતે કચ્છ એસ્ટ્રોનોમી ક્લબના નરેન્દ્ર ગોર જણાવે છે કે આ વર્ષે કેટલાક કુદરતી અનુકુળ સંજોગોને કારણે ઉલ્કા વર્ષા વિશિષ્ટ બની રહેશે. ઉલ્કા વર્ષા વખતે ચન્દ્રની હાજરી ન હોવાથી અંધારી રાત્રે વધુ ઉલ્કાઓ જોવા મળશે.

દર વર્ષની જેમ આ વખતે પણ મિથુન રાશીની ઉલ્કા વર્ષાનો સુંદર નઝારો જોવા મળશે. આ બાબતે કચ્છ એસ્ટ્રોનોમી ક્લબના શ્રી નરેન્દ્ર ગોર જણાવે છે કે આ વર્ષે કેટલાક કુદરતી અનુકૂળ સંજોગોને કારણે ઉલ્કા વર્ષા વિશિષ્ટ બની રહેશે. ઉલ્કા વર્ષા વખતે ચન્દ્રની હાજરી ન હોવાથી અંધારી રાત્રે વધુ ઉલ્કાઓ જોવા મળશે. આમતો આ ઉલ્કા વર્ષાની શરૂઆત ૭મી ડિસેમ્બરથી થઈ ચુકી છે અને છુટી છવાઈ ઉલ્કાઓ જોવા મળી રહી છે. પરંતુ સૌથી વધુ ઉલ્કાઓ ૧૪મીની રાત્રે ખરવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આમતો આ ઉલ્કા વર્ષાની શરૂઆત ૭મી ડિસેમ્બરથી થઈ ચુકી છે અને છુટી છવાઈ ઉલ્કાઓ જોવા પણ મળી રહી છે પરંતુ સૌથી વધુ ઉલ્કાઓ ૧૪મીની રાત્રે ખરવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ મેટિયોર ઓર્ગનાઈઝેશન (આઈએમઓ)ના જણાવ્યા મુજબ ઉલ્કા વર્ષાની પરાકાષ્ટા ૧૪મીના રાત્રે ૧૧.૩૦ કલાકે જોવા મળશે. જે ભારતિય ખગોળ શોખિનો માટે આનંદના સમાચાર છે કેમ કે ત્યારે મિથુન રાશી આકાશમાં ઉંચે આવી ગઈ હશે તથા ચન્દ્રની હાજરી પણ નહી હોવાથી આકાશ દર્શનના રસીયાઓએ ઉલ્કા નિરિક્ષણની તૈયારીઓ આરંભી દીધી છે. આ બાબતે વધુ માહિતી આપતાં ગોર જણાવે છે કે ઉલ્કા દર્શન માટે ટેલિસ્કોપ કે દુરબિન જેવા

## ખગોળ શાસ્ત્રીઓમાં પણ ઉત્સુકતા વધી ગઈ છે

ઉપકરણોની આવશ્યકતા નથી. આ ઘટના નરી આંખે નિરખવાની હોઈ શહેરી પ્રકાશથી દુર જ્યાં વધુ અંધારૂ હોય તેવું સ્થળ પંસદ કરવું જોઈએ.

અલબત ઠંડીની શરૂઆત થઈ ગયેલી હોઈ જરૂરિયાત મુજબ ગરમ વસ્ત્રો વિની કાળજી લેવી જોઈએ. મિથુન રાશીના બે તારા પુરુષ અને પ્રકૃત્તિ મૃગ મંડળથી ઉત્તર પૂર્વ તરફ ઉગેલા સહેલાઈથી ઓળખી શકાશે. આ ઉલ્કા વર્ષા આકાશના કોઈ ચોક્કસ ભાગમાં નહીં પણ ચારે તરફ જોવા મળશે. આથી તમારા નિરિક્ષણ સ્થળથી જે દિશામાં વધુ અંધારૂ હોય તે દિશા તરફ ધ્યાન કેન્દ્રીત કરવાથી વધુ ઉલ્કાઓ જોઈ શકાશે. આ વરસે કલાકની ૧૨૦ ઉલ્કાઓ ખરવાની સંભાવના આઈએમઓ દ્વારા દર્શાવવામાં આવી છે.

મિથુન ઉલ્કા વર્ષાનું સ્ત્રોત ૩૨૦૦ ફાયથન નામનો લઘુ ગ્રહ છે. તે ૫૨૪ દિવસમાં સુર્યની પરિક્રમા પુરી કરતો હોવાથી દર વર્ષે તે પૃથ્વિ વાસીઓને ભરોસાપાત્ર રંગીન, પ્રકાશીત, લાંબી ઉલ્કાઓની ભેટ ધરતો રહે છે. દર વર્ષે કચ્છના રણને માણવા આવતા પ્રવાસીઓ રણ ઉત્સવ દરમિયાન રણનો અવકાશી નઝોરો માણતા જ હોય છે. ત્યારે આ વખતે ઉલ્કા વર્ષા નિહાળવાની ખાસ વ્યવસ્થા રણમાં આકાશ દર્શન કરાવતા કચ્છના જાણિતા ખગોળવિદ નરેન્દ્ર ગોર સાગર દ્વારા વ્હાઈટ રણ કેમ્પેઈનના સહયોગથી ગોઠવવમાં આવી છે.



## ઈન્ડીયન બેંક દ્વારા એમએસએમઈ બેઠકનું આયોજન

ઈન્ડીયન બેંક દ્વારા એમએસએમઈ સેકટરને આગળ ધપાવવાના તથા તે વધુ પ્રગતિ સાધી શકે તે હેતુથી ડિસેમ્બર તા. ૧૦, ૨૦૧૫ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ, અમદાવાદ ખાતે એક વિશિષ્ટ એમએસએમઈ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને આ સેકટરને પૂરો સહયોગ આપવાનો ઈન્ડીયન બેંકનો અભિગમ હંમેશા રહ્યો છે. શ્રી અનિલકુમાર યાદવ, અધિક સચિવ, નાણાં વિભાગ, ગુજરાત સરકાર આ બેઠકના મુખ્ય મહેમાન પદે હતા. જયારે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના જનરલ મેનેજર માલાબેન સિંહા તથા શ્રી જયમીન વસા, અધ્યક્ષ, એમએસએમઈ કમિટી, જીસીસીઆઈ આમંત્રિત મહેમાન તરીકે હતા. તેઓશ્રીએ ઈન્ડીયન બેંક દ્વારા આવી બેઠક યોજવા બદલ તેની પ્રશંસા પણ કરી હતી. શ્રી આઝાદ સિંઘ, જનરલ મેનેજર અને ઝોનલ મેનેજર ઈન્ડીયન બેંક, ગુજરાત દ્વારા આ બેઠકને સફળ બનાવવા માટે બધા જ સહભાગીઓનો આભાર માન્યો હતો.